ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૧૮ ટકા

ગાંધીનગર તાપમાન

# ઉનાળુ કાકડીની માર્કેટમાં આવક વધી

## ઉનાળામાં ભોજનમાં કાકડીનું સલાડ દૈનિક ખવાઈ રહ્યું છે : સ્વાસ્થ્ય માટે કાકડી ખૂબ લાભદાયી

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં ગરમી નો પારો વધી રહ્યો છે ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે શહેરીજનો એ કાકડીનું સેવન વધારી દીધું છે ભોજનમાં સલાડમાં દરરોજ કાકડી ખાવામાં આવી રહી છે. બજારોમાં પણ કાકડીની આવક ખૂબ જોવા મળી રહી છે.

ઉનાળાની મોસમ અત્યારે એની તીવ્રતા પર છે ત્યારે કાકડી ખાવાના ફાયદા જાણી લેવાની જરૂર છે. આ મોસમમાં કાકડીનું દરેક રૂપમાં સેવન કરવાથી આરોગ્યના અનેક ફાયદા મળે છે. કાકડીમાં ૯૫ ટકા પાણી અને પાંચ ટકા ફાઈબર રહેલું છે. તેથી કાકડી શરીરને હાઈડ્રેટ કરવામાં મદદરૂપ થાય છે. કાકડી ખાઈને શરીરને પાતળું રાખી શકાય છે, કારણ કે એમાં કેલરીની માત્રા નહિવત્ છે. કાકડીની છાલમાં ફાઈબર ભરપૂર પ્રમાણમાં હોય છે.

શારીરિક તંદુરસ્તી માટે અનેક પ્રકારના સલાડ ખાવાનું સલાહભર્યું છે. જે સલાડમાં કાકડી ન હોય એ સલાડ અધૂરું ગણાય, પછી એ હોટલ હોય કે ઘર.

શરીરની અનેક તકલીફો દૂર કરવા માટે કાકડી રામબાણ ઉપાય છે.

કાકડીમાં વિટામીન-A, પોટેશિયમ, ફોસ્ફરસ, લોહતત્વ જેવા અનેક પ્રકારના પોષક તત્વો ભરપૂર માત્રામાં રહેલા છે. કાકડીમાં ઈરેપ્સિન નામનું એક એન્ઝાઈમ પણ છે જે શરીરમાં પ્રોટિનને પચાવવામાં મદદરૂપ થાય છે. નિયમિત કાકડી ખાવાથી મેમરી લોસ (સ્મરણશક્તિ ઘટી જવાની) તકલીફ ઊભી થતી નથી.

ઉંમર વધે તેમ લોકોને સાંધાના દુખાવાની ફરિયાદ વધે છે. એ વખતે ગાજરની સાથે કાકડીનું સેવન કરવાથી સાંધાની પીડા ઘટે છે.

કાકડીમાં રેસાં હોવાથી એનું નિયમિત સેવન કરવાથી કેન્સરનું જોખમ પણ ઘણુંખરું ઘટે છે.

શરીરમાં વધી ગયેલા કોલેસ્ટરોલનું પ્રમાણ ઘટાડવાનો પણ કાકડીમાં ગુણ છે. કાકડીનો રસ કિડનીની તંદુરસ્તી માટે ઉત્તમ છે.

કાકડીમાં કેલરીનું પ્રમાણ ઓછું અને પાણીનું પ્રમાણ વધારે હોય છે.

દરરોજ રાતે સૂતા પહેલાં કાકડીનો એક ગ્લાસ જ્યૂસ પીવાથી શરીરમાં વધી ગયેલી ચરબી ઘટે છે.

રોજ કાકડી ખાવાથી ઉનાળામાં ગરમી લાગતી નથી. આ ઉપરાંત કાકડી ખાવાથી પાણીની તરસ પણ છીપાય છે. કાકડીનો જ્યૂસ બનાવી પીવાથી શરીરમાંથી ઝેરી તત્વો બહાર નીકળે છે.

કાકડીમાં પોટેશિયમ હોય છે જે હાઈ બીપીના રોગી માટે ફાયદાકારક હોય છે. કાકડીનું સેવન કરવાથી શુગરનું સ્તર કંટ્રોલમાં રહે છે. કાકડીનું સેવન કરવાથી અનેક લાભ થાય છે. કાકડીનું સેવન કરવાથી અનેક સીઝનલ બીમારીઓથી શરીર બચી જાય છે. કાકડીમાં વિટામિન, કેલ્શિયમ, આયોડિન અને ફાઈબર જેવા પોષક તત્વ હોય છે.

ગરમીમાં માથાનો દુખાવો થતો હોય છે અને વ્યક્તિના સ્વભાવમાં ચિડીયાપણું આવી જાય છે. આ સમસ્યા કાકડીનું સેવન કરવાથી દૂર થાય છે. તેનાથી શરીરને ઠંડક પણ મળે છે.

કાકડીમાં પાણીનું પ્રમાણ વધારે હોય છે. તેનું સેવન કરવાથી ઉનાળામાં શરીરમાં પાણી ઘટતું નથી.

કાકડીનું સેવન કરવાથી બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે. જે લોકોને બીપી હોય છે તેમણે કાકડી નિયમિત રીતે ખાવી જોઈએ.

કાકડીનું સેવન કરવાથી પાચનક્રિયા પણ સુધરે છે. કાકડીનું સેવન કરવાથી વજન વધતું નથી. કાકડી કોલેસ્ટ્રોલને ઘટાડે છે. કાકડી સ્નાયૂનો દુખાવો દૂર કરે છે.

## જન્મદિને વધામણી

મહેન્દ્રભાઈ ત્રિવેદી
પૂર્વ શિક્ષણ મંત્રી
મો. ૯૮૨૫૦ ૩૫૮૩૩

બી બી સિંહ

પુષ્કરાજસિંહ ચૌહાણ

યુવરાજ રોહિત
મો. ૮૫૧૧૭ ૭૮૩૦૫

જિતેન્દ્ર વી શાહ
ગુજરાત ઈતિહાસ પરિષદ
મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮

ભાવના વી. રાઠોડ
મો. ૯૪૨૭૬ ૦૭૧૩૭

શિરિષભાઈ વર્મા
સૌરાષ્ટ્ર કચ્છ-સમાજ

ગૌરાંગ રાજેન્દ્ર પારેખ

# આજે મોહિની એકાદશીનો શુભ સંયોગ

## મોહિની એકાદશીનું વ્રત કરવાથી દુઃખ અને મુશ્કેલીઓમાંથી મુકિત મળે છે તેવી માન્યતા છે

ગાંધીનગર, તા.૧૧

ગુરુવારે વૈશાખ માસના શુકલ પક્ષની એકાદશીનો શુભ યોગ બને છે. મોહિની એકાદશી પર આવો શુભ સંયોગ ચાર વર્ષ પછી ફરી બની રહ્યો છે. આ પહેલાં ૨૬ એપ્રિલ, ૨૦૧૮નાં રોજ આ યોગ બન્યો હતો. ભગવાન વિષ્ણુ વૈશાખ, એકાદશી અને ગુરુવાર ત્રણેયના સ્વામી છે. તેથી આ શુભ સંયોગમાં વ્રત રાખવાથી અને પૂજા કરવાથી તમને અખૂટ પુણ્યની પ્રાપ્તિ થશે હવે પછી ૮ મે, ૨૦૨૫ના રોજ ફરથી આવા યોગ બનશે.

**● ત્રણ શુભ યોગ ●**

મોહિની એકાદશી પર સૂર્ય અને ચંદ્રના નક્ષત્રોથી રવિયોગ રચાઈ રહ્યો છે. આ સાથે જ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને કારણે માતંગ નામનો શુભયોગ પણ રચાઈ રહ્યો છે અને હર્ષણ યોગ પણ બનશે. આ શુભ સંયોગોમાં એકાદશી વ્રતનો સંયોગ ભાગ્યે જ રચાય છે. આ યોગમાં પૂજા અને વ્રત કરવાથી તેના શુભ ફળમાં અનેક ગણો વધારો થશે અને તેનાથી સુખ-સમૃદ્ધિ પણ આવશે. આ સાથે જ આ દિવસે કરવામાં આવેલું જલદાન અનેક ગણું પુણ્ય આપશે જે કયારેય ખતમ થતું નથી.

**● મોહિની સ્વરૂપની પૂજાનો દિવસ ●**

આ દિવસે ભગવાન વિષ્ણુના મોહિની સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. જે તેણે સમુદ્રમંથન પછી રાક્ષસોથી અમૃત બચાવવા માટે લીધું હતું. આ એકાદશી પર ભગવાન વિષ્ણુની પૂજા અને ઉપવાસ કરવાથી અનેક યજ્ઞો કરવા જેટલું પુણ્ય મળે છે આ સાથે જ જાણતાં અજાણતાં કરેલા પાપોનો પણ અંત આવી જાય છે.

**● ત્રેતા અને દ્વાપર યુગમાં પણ હતું આ વ્રત ●**

મોહિની એકાદશીનું વ્રત કરવાથી જાણતાં અજાણતાં જે પણ પ્રકારના પાપ થયાં હોય તમાંથી મુકિત મળે છે. મોહબંધન અને પાપનો અંત આવે છે. માતા સીતાની શોધ કરતી વખતે ભગવાન શ્રીરામે પણ આ વ્રત કર્યું હતું. તેમના પછી મુની કૌન્ડિન્ય, ધૃષ્ટબુધ્ધિના કહેવાથી અનેશ્રી કૃષ્ણના કહેવાથી યુધિષ્ઠિરે પણ આ વ્રત કર્યું હતું. આ વ્રતની અસરના કારણે આ તમામને દુઃખ અને પરેશાનીઓમાંથી મુકિત મળી હતી.

# નિસર્ગ દ્વારા રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની ઉજવણી નિમિતે નવી અને જૂની ટેકનોલોજી આધારિત સાધનોનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત કાઉન્સીલ સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક પ્રવુત્તિઓનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે બાહ્ય જગતના વિકસી રહેલા વિજ્ઞાન અને ટેકનોલોજી ને સમજે તે હેતુથી જુદા જુદા વિજ્ઞાનલક્ષી દિવસોની ઉજવણી કરી તેમને વિજ્ઞાનમાં વધુ રસ પડે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

સમગ્ર ભારતમાં ૧૧ મેં રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તા ૧૧/૦૫/૧૯૯૮ ના રોજ પોખરણ ખાતે ભારતે સફળતા પૂર્વક પરમાણુ પરિક્ષણ કર્યું હતું તેમજ આ દિવસે બેંગ્લોર ખાતે ત્રિશુલ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું ત્યારથી ભારત સરકારે ૧૧ મી મેં ને રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.આ વર્ષનો વિષય વસ્તુ **"Integrated Approach in Science and technology for sustainable future"** રાખવામાં આવેલ છે. આ વિષય આધારિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગ રૂપે નવી અને જૂની ટેકનોલોજી આધારિત સાધનોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જુદા-જુદા ક્ષેત્રોમાં ભવિષ્યમાં આવનારી ટેકનોલોજી વિષે રસપ્રદ માહિતી આપી હતી. વિવિધ ક્ષેત્રો જેવા કે ખેતી, સરંક્ષણ, આરોગ્ય, ઉદ્યોગો, વાહન વ્યવહાર વગેરે ક્ષેત્રોમાં આવનારા વર્ષોમાં કેવી કાંતિ આવશે અને વિશ્વમાં વપરાતી નાવીન્ય ટેકનોલોજી વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વિદ્યાર્થીઓને જૂની ટેકનોલોજી આધારિત વિવિધ સાધનો જેવા કે ગ્રામોફોન રેકોર્ડર ,કેસેટ પ્લેયર, રેડિયો, પેઝર, જુના લેન્ડલાઈન ફોન, કેમેરા, વીસીઆર, દેખાડવામાં આવ્યા હતા. તેમજ હાલની લેટેસ્ટ ટેકનોલોજી જેવી કે થ્રીડી પ્રિન્ટર, એમેઝોન એલેક્ઝા, ગુગલ કલાસ વગેરેની નિદર્શન દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને તેમને વાલીઓ મોટી સંખ્યામાં પ્રદર્શન નિહાળ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષ કારક જવાબો આપવામાં આવ્યા હતા.

# જીઆઈડીસીમાં રહેતા શ્રમિક પરિવારોના બાળકો માટે ભોજનસેવા

ગાંધીનગરના દૈનિક 'ધરતીના લાલ' ગ્રુપ અને શ્રી એમ. એસ. બી. ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સેકટર - ૨૫ની જીઆઈડીસીમાં રહેતા શ્રમિક પરિવારોના બાળકોને માટે ખાસ જમવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકોને મન ગમતું ભોજન મળી રહે તે માટે ટ્રસ્ટ દ્વારા ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, ટ્રસ્ટીઓ ચંદન બારોટ, માયા બારોટ તથા વિજયભાઈ અને જશોદાબેને સારી એવી જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા ૧૫મીએ સમૂહલગ્નનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા ગાંધીનગર ખાતે સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૫મીના રોજ રવિવારે બપોરે ૨.૩૦ થી ૪.૦૦ કલાક દરમિયાન રામકથા મેદાન, પથિકાશ્રમ એસ.ટી. ડેપો સામે સેકટર-૧૧ ગાંધીનગર ખાતે ઓગણીસમો સમુહલગ્ન યોજાશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિત મહાનુભાવો તથા સાધુ-સંતો, સામાજીક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે. આ સમુહલગ્નમાં ૨૭ જેટલા જોડાં પ્રભુતામાં પગલાં પાડશે.

# પોખરણ અણુ પરીક્ષણની યાદમાં નેશનલ ટેક્નોલૉજી દિવસ ઉજવાયો

દેશને સર્વાંગી વિકાસ થકી આત્મનિર્ભર બનાવવા વિજ્ઞાન અને ટેક્નોલોજીનું યોગદાન સવિશેષ છે. તા.૧૧ મે, ૧૯૯૮ના રોજ ભારતે વિજ્ઞાન અને ટેક્નોલોજિકલ સક્ષ્મતા પુરવાર કરી પોખરણ ખાતે સફળ ન્યુક્લિયર ટેસ્ટિંગ કર્યું હતું. આ ઐતિહાસિક દિવસના માનમાં ભારતની વૈજ્ઞાનિક અને ટેક્નોલોજિકલ ઉપલબ્ધિઓને બિરદાવવા પ્રતિવર્ષ તા.૧૧ મે ના રોજ નેશનલ ટેકનૉલોજી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નેશનલ ટેકનૉલોજી દિવસની ઉજવણી માટે વર્ષ ૨૦૨૨ની થીમ 'સામુચિક ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં સંકલિત અભિગમ' છે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા વિજ્ઞાન અને ટેકનૉલોજીની સિદ્ધિઓ વિશે વિદ્યાર્થીઓ અને જનસમુદાયને અવગત કરી સામુચિક ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનૉલોજીના ઉપયોગ દ્વારા સંકલિત અભિગમ માટે યુવાપેઢીને પ્રોત્સાહિત કરવા નેશનલ ટેકનૉલોજી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નેશનલ સાયન્સ દિવસની ઉજવણી નિમિતે આયોજિત કાર્યક્રમમાં ગુજરાત સાયન્સ સિટીના એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર એચ.સી. મોદીએ વિદ્યાર્થીઓને ભારતની ટેક્નોલોજિકલ સિદ્ધિઓથી અવગત કરવ્યા તથા વિજ્ઞાન અને ટેક્નોલોજીના મહત્વ વિશે જાણકારી આપી હતી. ડો. વ્રજેશ પરિખ અને ડો. હાર્દિક ગોહેલ સાથે ખાસ ઈંટરેક્ટિવ સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રસપ્રદ સેશન્સ દ્વારા તેમણે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકોનોલોજીની સિદ્ધિઓ, અને સૌના સુરક્ષિત ભવિષ્ય માટે તેના ઉપયોગ અને વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ટેક્નોલૉજી એડવાન્સમેન્ટ પર પ્રેઝન્ટેશન્સ પણ રજૂ કર્યા હતા. પ્રેઝન્ટેશનમાં રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ, પોખરણ ટેસ્ટનો ઈતિહાસ અને રોકેટ સાયન્સ વિશે સંક્ષિપ્તમાં મનોરંજક પ્રવૃત્તિઓ સાથે વાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જ્ઞાન - વિજ્ઞાનના વિવિધ વિષયો માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા તા.૫ મે થી ૫ જૂન ૨૦૨૨ દરમિયાન સાયન્સ સિટી ખાતે સમર સાયન્સ પ્રોગ્રામ ૨૦૨૨ ચાલી રહ્યો છે જેમાં વિવિધ વિષયો પર વર્કશોપ યોજાઈ રહ્યા છે.

# ચિલ્ડ્રન્સ યુનિ.ના ઑનલાઈન સમરકેમ્પનો રંગેચંગે પ્રારંભ: આજે ચિત્રકલા શીખવાડાશે

## હજુ ચાર દિવસ ચાલશે કલામૃતમ્ : પપેટ અને જાદુના ખેલ પણ શીખવા મળશે

ગાંધીનગર, તા.૧૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા આયોજિત ઑનલાઈન સમરકેમ્પ 'કલામૃતમ્'નો ગીત-સંગીત અને નૃત્યના સથવારે ૧૧મી એપ્રિલને બુધવારે રંગેચંગે આરંભ થયો. આ કેમ્પના પ્રથમ દિવસે યોજાયેલી ઈવેન્ટમાં હજજારો બાળકો તેમજ વાલીઓ ઑનલાઈન જોડાયા અને દોઢ કલાક સુધી કાર્યક્રમની મજા માણી. આ કેમ્પ હજુ ચાર દિવસ સાંજે ૪ થી ૫.૩૦ દરમિયાન ચાલશે. ૧૨મી એપ્રિલને ગુરુવારે ચિત્રકલા શીખવવામાં આવશે. આ ઈવેન્ટનું ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યુ ટ્યૂબ ચેનલ, ફેસબૂક પેજ તેમજ બાયસેગ દ્વારા વંદે ગુજરાત ચેનલ પરથી લાઈવ પ્રસારણ થઈ રહ્યું છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં વિદ્યાનિકેતન વિભાગ દ્વારા આ પાંચ દિવસીય સમર કેમ્પનું આયોજન કરાયું છે. વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલના જણાવ્યા મુજબ, આકરી ગરમી હિટવેવ વચ્ચે બાળકો ઘરની બહાર ના જઈ શકે ત્યારે, બાળકો ઘરે બેસીને વેકેશનની રજાનો ભરપૂર આનંદ માણી શકે, એટલું જ નહીં સાથે કંઈક કલા અને પ્રવૃત્તિઓ શીખી શકે તે હેતુથી આ પાંચ દિવસીય સમરકેમ્પ 'કલામૃતમ્' યોજવામાં આવ્યો છે. બુધવારે પ્રથમ દિવસે માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહ અને ડૉ. કુણાલ પંચાલએ બાળકો સાથે લાઈવ સંવાદ કર્યો, જ્યારે સંગીતવૃંદના હાર્દિક ભટ્ટ, ડૉ. ચિરાગ સોલંકી, કશ્યપ ટેવાણી અને જયદેવ ધાંધિયાએ સરસ મજાના વિવિધ બાળગીતો અને સંગીતની રચનાઓ રજૂ કરી. એમ. એસ. યુનિવર્સિટીના ડૉ. ધ્વનિ શાહ અને ચાર્મી જોશીએ સરસ નૃત્ય રજૂ કરીને બાળકોને ડોલાવ્યા. ગુરુવારે ૧૨મી એપ્રિલે સમર કેમ્પમાં ચિત્રકલા વિષય છે. જેમાં બાળકોને ઑનલાઈન ચિત્રકલા શીખવવામાં આવશે. આ માટે શું શું વસ્તુઓ સાથે લઈને બેસવું તેની યાદી પણ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યૂ ટ્યુબ ચેનલની લીંક પર મૂકવામાં આવેલી છે. આગામી દિવસોમાં આ સમર કેમ્પમાં પપેટ અને જાદુના ખેલ પણ શીખવવામાં આવશે. તો સૌ બાળકો અને વાલીઓને આ સમરકેમ્પમાં જોડાવા વિદ્યાનિકેતન વિભાગ દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. પટેલ ગોરધનભાઈ નારણદાસ,** ઉ.વ. ૯૩, રાયસણ
- **સ્વ. ઠાકોર દેવીબેન બાવાલાભાઈ,** ઉ.વ. ૫૫, સે-૨૮, ચરેડી છાપરાં
- **સ્વ. મૌર્ય અજય સીતારામ,** ઉ.વ. ૫૩, સેકટર-૨૧